417

417
RĀṢṬRANO raṇanāda.
Amadāvāda: Kapilaprasāda Mahāsukhabhāī Dave,
1986 [1929].
64 p. 16 cm.
Nationalistic songs, including some signed by the
publisher.
PP Guj B 32

NATIONAL ARCHIVES OF INDIA

રાષ્ટ્રનો રણનાદ.

INDIA OFFICE
LIBRARY

NATIONAL ARCHIVES OF INDIA

સંવત ૧૯૮૬

પ્રત ૩૦૦૦

પ્રકાશક :

કપીલપ્રસાદ મહાસુખભાઇ દવે.

આપાશાસ્ત્રીની પોળ, સાંકડી શેરી,

અમદાવાદ.

મૂલ્ય ત્રણ આના.

જ્ઞાનમન્દિર મુદ્રણાલયમાં શંકરરાય અમૃતરાયે છાપ્યું. રાયપુર–અમદાવાદ.

દરેક મકાનમાં રાષ્ટ્રીય
સાહિત્યનો ભંડાર જોઇએ.

'નવજીવન', 'સૌરાષ્ટ્ર', 'પ્રસ્થાન' અને 'ગાંડીવ' કાર્યાલયનાં પુસ્તકો એટલે નવયુગ ઘડનારાં પુસ્તકોનો અનુપમ સંગ્રહ. લ્હાણી કરવા માટેનાં પુસ્તકોનો અખૂટ ભંડાર. તેમાં તમારાં બાળકો માટે 'બરફીપુરી', 'કચુંબર' અને 'કેરીનાં ભજીયાં' પણ મળે. બાળાઓ માટે 'વેણીનાં ફૂલ' પણ મળે, બચુની બા માટે 'હાલરડાં' પણ મળે અને બચુના બાપા માટે "તાજાં તીર" પણ મળે. તો પછી તમો આ ઉત્તમ સંગ્રહ શા માટે ના ખરીદો? ઉપરની સંસ્થાઓનાં તમામ પુસ્તકો અમારી દુકાને મળશે.

રતનપોળના નાકે, અમદાવાદ. } કપીલપ્રસાદ મહાસુખભાઇ દવે.
ન્યુસ એજન્ટ, બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ.

અમૂલ્ય તક! અમૂલ્ય તક!

શ્રી લક્ષ્મીપૂજન માટે સંપૂર્ણ વિધિસર તૈયાર કરેલી શ્રી લક્ષ્મીજીની ચાંદીની મૂર્તિઓ અમારે ત્યાંથી મળશે.

સોની ધનજીભાઈ મુળજીભાઇ.

રાયપુર—આકાશેઠ કુવાની પોળ પાસે.

pp.Guj.B.32.

INDIA OFFICE
12 JAN. 1933
LIBRARY

રાષ્ટ્રનો રણનાદ.

માર લાઠી માર!

માર આવ્યા ! માર આવ્યા !
માર લાઠી માર આવ્યા !
માર આવ્યા ! માર ! તારા પયગમ્બર સંભાર !
માર આવ્યા ! માર માર !
માર લાઠી ! માર માર !
માર આવ્યા માર ! તારા પયગમ્બર સંભાર !
માર આવ્યા માર માર !
માર માર ! લાઠી—માર !
તારા રામને રોકવા, તારા રહીમને રોકવા !
નહીં ચાપી પેટ ભરવા !
માર આવ્યા છે માર માર !
માર લાઠી ! માર માર !
ચાલ્યા રામચંદ્રને નામે, અલ્લાહોઅકબરને નામે !
નહીં જાલીમને ફરમાને !
માર આવ્યા માર ! માર લાઠી માર !
માર માર માર માર ! માર લાઠી ! માર માર !

નાશિક જેલમાંથી] [ઝવેરચંદ મેઘાણી.

NATIONAL ARCHIVES OF INDIA

તકલી કાણુ છે ?

તકલી નથી પણ તીર છે છાતી વીંધે સરકારની,
તકલી તણો ટેકો તાકુમાં (ઉંડો) ખાડો ખોદે સરકારની.
નાજુક છે દેખાવમાં પણ ધાર કારી તે કરે,
તકલી તણા ચક્કર ભમતી ભીલો પડે,
ધાર તકલીની તીખી સરકારને થથરાવતી,
પરદેશની પાપી ભીસોને ધાકથી ધ્રુજાવતી.
બારીક જાડું શુદ્ધ સૂતર પ્રેમથી પેદા કરે,
કંગાળ ભારતવાસીઓના ચેટની રોજી મળે.
નવરાશમાં ગમ્મત દીસે ને મૌન સંગીત આપતી,
શાન્ત ને મીઠી ભલી વળી હસ્તને શોભાવતી.
આઝાદી ભારત હિન્દની પ્રિય આબરૂ તે રાખતી,
અહિંસા તણું હથીયાર તકલી ઐકયતા ઉપજાવતી.
પરદેશ જાલીમ સરકારનું હૈયું પણ તે ડોલાવતી.

રહે છે.

ફૂલ ખુશ્બો હૈં, પ્રભાતે દીપક, દિવાલી રાતો મના રહે હૈં,
ચિતા કહા કરે, ન શોકે સુતકો, મજ્જસે ખુશીયાં મના રહે હૈં.

પ્રભાતે દિલકો દુખા દુખા કરે,
કુછી પ્રભાતકા જી ચાસ કર ખૂ,
વ ગમ મસ્તીમેં ખૂબ ખુશ હો,
કિ ખાક જબસે મના રહે હૈં—ખુશ હુવે હૈં.

NATIONAL ARCHIVES OF INDIA

NATIONAL ARCHIVES OF INDIA

૬

અબ તો તબીયત અચ્છી નહીં;
હા ! ઉમંગ ભૂખો હૃદય બહુ ફરતા,
મગર વો આજે ખૂબ બેચૈન હૈં—
આંખોમેં દાવત ઉઠા રહે હૈં—ભુખે હુવે હૈં.
ઇધરસે રોનેકી ચીખ નિકલે;
ઉધરસે ચ્યાનેકી ચીખ નિકલે;
હૈ પહલે છીલા રગડ રખડા.
નમક અબ ઉસપર લગા રહે હૈં—ભુખે હુવે હૈં.
ઇધર તો નિમંત્રે હૈં સાહુકારોં;
ઉધર હૈં ઉનકે મુરીદ નારિ;
સભીનુભૂતિ તો દૂર હમસે.
વો ઉલટી ખુશીમેં મના રહે હૈં—ભુખે હુવે હૈં.
હૈ લાનત, ચોરી ની સ્વાર્થ ભરતા;
હો સુત-મિતમેં, હૈ ભુલ્યે કિતના;
સતાઓ અચ્છા ! જાલાઓ લલચાકે.
ખુદાકો ભુલા મના રહે હૈં—ભુખે હુવે હૈં.

— આશાપરી —

અમ ભારતમેં જય થાયે,
સંભ્રમ શાન્તિ ધરાવે—અમ૦
અમ ભુદે ઉર્મિયો ભુંસવા,
સ્વાર્પણ ભક્તિ ધરાવે—અમ૦
શુદ્ધ સ્નેહથી અન્તર ધરીને,
મોહન ચરણે ભણાયે—અમ૦

અલ્લાહો અકબર, હરહર મહાદેવ,
ભેરી મૃદંગ બજવે—ઝમ૦
ચક્ર 'સુદર્શન' 'ગાંડીવ' ધરીને,
નારાયણ નર થયે—ઝમ૦

શકુનની ઘડીઓ.

ધર્મના વીર! આર્યપુત્ર ઉઠજો!
શુભદેના શકુનની વાગી ઘડીઓ;
ઉત્તરાયણ થયા, ઉત્તરે રવિ વળ્યા,
ભાનુના સ્વર્ગની વરસી ઝડીઓ;
મૃત્યુને ખાળતા, શાંતિને બોધતા,
ભીમ ગોરખ્યા હતા યુદ્ધ ભારે;
મૃત્યુને મરહરી, શાંતિ ભાખ્યા ભલી,
હર! હર! સંગરે યુદ્ધ વારે;
સિંહના બાલથી ખેલતો ખેલતો,
એ ભરત પુત્રનાં ગોત્રજો છો;
સિંહને શત્રુ શાં? [illegible] શાં?
મૃત્યુનાં અમૃતને બોળીયો છો;
શાંત છો, દાંત છો, વીર છો, ધીર છો,
સુભટ છો, સજ્જ નિઃશ્રેયતાથી;
ધર્મધ્વજ, રામ ભાખો, ચક્ર સામા વડા,
શ્રી હરિ ચિંતના સાર સાંપી.

NATIONAL ARCHIVES OF INDIA

કેમ કરી છોડું

હે જગ્ય સત્યાગ્રહી, ઉદય ઉતાવળો,
તુજ વિના જેલમાં કોણ જાશે—હે જગ૦
સીમીટની ચાલમાં, સીમીટના રોટલા;
ચુલીની રાબડી કોણ પીશે—હે જગ૦
ઘાસની ભાજીઓ, મહિં અરે રતીઓ;
કુચડ કુચડ દાંતમાં એજ થાશે—હે જગ૦
વગર વાંકે અરે, તારની વાડમાં;
સિંત્રીની સોટીઓ કોણ ખાશે—હે જગ૦
હાર તાડી તણી, બદીઓ ઓટકાવવા;
બંદુકની ગોળીઓ કોણ ખાશે—હે જગ૦
વસ્ત્ર વિદેશીની, ગોદીઓ પર જર્બ;
તુજ વિના ચોકીઓ કોણ કરશે—હે જગ૦
નિમકનો કાયદો, તોડવા ફોડવા;
અગર ધારાસણા કોણ જાશે—હે જગ૦
ઓરડીનસો તણાં, દોર જાણ્યા છતાં;
તુજ વિના કોણ તેથી ન ડરશે—હે જગ૦
જવાહિર છે જેલમાં, આપ પુનિ પડયો;
સુખમાં તુજથી કથમ સુવાશે—હે જગ૦
દેશ જગાડ્યો, ચેતના લાવવા;
તુજ વિના ભોગવે કોણ થાશે—હે જગ૦
કમર કસી ઉઠ તું, પુત્ર વીર ભારતના;
અમર કર નામ તું [redacted] આખે—હે જગ૦

ARCHIVES OF INDIA
NATIONAL

૪

સબ મિલ્કે બોલો:

મર્દ બનો મર્દ બનો, સબ હિંદુસ્તાની મર્દ બનો,
સરકારી કાનુન ચૂર કરો, પરદેશી હુકુમત દૂર કરો, દૂર (૨)
હમ માલીક હૈ અપને ઘરકે, ઓ દરવાજા ખોલ કયોં કરતે,
બસ બંધ કરો બસ બંધ કરો, ગુલામી ખાના બંધ કરો, મર્દ (૧)
આયાથા ઓ ફીનીક્સ કહેંકે, અબ તેરા હમ બંદુક દોપો,
પાર કરો પાર કરો, પ્રાણકે દરીયા પાર કરો, મર્દ (૨)
બહેતર હૈ મોતસે જીવન કહીયાં, ઝીંદગીસે આધ હૈ ઘડીયાં,
ડરને વાલે પેનો સુધીયાં, કુંભ ભરો કુંભ, મીલા મુક્યાક,
અબ આગ લગી ઓ હિંદુસ્તાનમે, હૈ કોન છુપેગા જો ઘરમેં, જલગો કુંભ ભરો (૩)
નાશ કરો નાશ કરો, સરકારકો દેશનીકાલ કરો, મર્દ (૪)
સબ સપુત ઉઠો સાથ ચલો, એ શાસનકો બરબાદ કરો.
યાદ કરો યાદ કરો, જલીયાંકે જુલ્મો યાદ કરો, મર્દ (૫)
એ નાદિરશાહી નાશ કરો, મુક જલકે ઉસકે ખાખ કરો,
કુદ પડો કુદ પડો, મૈદાને જંગમે ઉછલ પડો, મર્દ (૬)
એ જુલ્મ નહીં હમ સહલેંગે, ગુલામીમ કોઇ સહાંસે રહેંગે,
દૂર કરો દૂર કરો, હિંમ્મતસે ઉસકુ દૂર કરો, મર્દ (૭)

સબ મિલ્કે હિંદુસ્તાની મર્દ બનો.

NATIONAL ARCHIVES OF INDIA

ક્યા ક્યા કરના પડેગા ?

મહાત્મા ગાંધીકા સ્વરાજ્યકા સપૂત બનના પડેગા;
ફ્રીસ્તે ગોરોંકો લંડન ભગાના પડેગા—મહાત્મા—૧
દેશીગોરોકા ચોલ-ટીયર બનના પડેગા;
ઔર જાતીયે મીટ્ટા લગાના પડેગા—૨
ફ્રીસ્તે ફરીયાકા પાની પી લાના પડેગા;
ઔર ઘર ઘરમેં નીમકકે પકાના પડેગા—૩
દારૂ ગાડીકી બોટલ ફુઆની પડેગા;
ગોરે લોકોકી હસીયત ફીટાની પડેગા—૪
ચોકી ફોરટપે ઝંડા ફીરાના પડેગા;
ફ્રીસ્તે સીરપેલી ડંડા ખાના પડેગા—૫
ફોરટકે કાયદોંકુ ભંગ કરના પડેગા;
હસહસકે જેલોમેં જાના પડેગા—૬
આખી આલમમે હુકો ગાંધીકા બજાનો પડેગા;
ઔર રાહ સચાઇકા સબકો દીખાના પડેગા—૭
કહેતા હથકડીવાલોસે હમ હથકડી પહેરને ચાતે હૈ;
ઔર પીછે રહેને ભાઇ હમારે ચુડી પહેનાતે હૈ.

યુવાનો ઓ હિન્દના

યુવાનો ઓ હિન્દના સૈનિક બનીને ચાલો
સંતાનો ઓ હિન્દના સૌ મર્દ બનીને મ્હાલો
યુવતીઓ ઓ હિન્દની કેસરીઆં કરીને ચાલો
યુવાનો—

NATIONAL ARCHIVES OF INDIA

મર્દો જેવા મર્દો થઈને ઘર સંતાવું શોભે નહિ
કંકણ પહેરો અદ્ ચુડીઓ, ઘર સંસાર ચલાવો

યુવાનો—

વૃદ્ધ નેતાઓ જેલ ભરાણે યુવાનો તે શોભે નહિ
વૃદ્ધોનાં બલિદાનો નિરખી યુવક સૌ થરથાર્યા

યુવાનો—

યુવતીઓ—

વીરાંગનાઓ જેલ વસે તે શૂર વીરાને શોભે નહિ
સાચા મર્દ બનીને વીરો જુધ્ધે જંગ મચાવો

યુવાનો—

યુવતીઓ—

આખરી યુદ્ધ જગતનું આજે ઘરમાં સંતાવું શોભે નહિ
આઝાદીનો જંગ ખેલવા રણમેદાને ચાલો

યુવાનો—

યુવતીઓ—

વિજયી વિશ્વ તિરંગા પ્યારા, ઝંડા ઉંચા રહે હમારા
સદા શક્તિ વરસાને વાલી, પ્રેમ સુધા સરસાનેવાલા
વીરોંકો હર્ષાને વાલા માતૃ ભૂમીકા તન મન સારા

ઝંડા ઉંચા૦

NATIONAL ARCHIVES OF INDIA

NATIONAL ARCHIVES OF INDIA

સ્વતંત્રતા કે બીપર્યુ રથમે ઈર્ષ્યકિર્ઇ બેઠ ને ક્ષયુક્ષણુમે
ઠાંપ શત્રુ દેખકર મનમે ખોટ જીયે અર્ય સંકટ ઉંકર
ઇસ ઝંડેકે નીચે નિર્ભય, લે સ્વરાજ્યગૃહ અવિચળ નિશ્ચય
બોલો ભારત માતકી જય સ્વતંત્રતા ભગવતી હમારી
ઝંડા ઉંચા રહે હમારા.

આવો પ્યારે નાચે અવિા; દેશધર્મપર બલીબલી જાઓ
એક સાથ સબ મીલ કર આવો, પ્યારા ભારત દેશ હમારા
ઝંડા ઉંચા રહે હમારા.

ઇસકી શાન ન જાયે પ્યારે, ચાહે જાન ભલે હી જાયે
વિશ્વે વિજય કરકે દીખલાયે, તબ હોવે પણ પુર્ણ હમારા
ઝંડા ઉંચા રહે હમારા.

હાથ નહિ જોડેંગે

ગિરિતેં ગીરાઓ, મઝાધારમે બહાઓ.
મહાસાગરમે ડુબાઓ, કિન્તુ હાથ નહિ જોડેંગે.
તીક્ષ્ણ તેગસે કટાઓ તપ્ત તેલમેં કઢાઓ,
ચાહે ખાલ ખિંચવાઓ, પર મુખ નહિ મોડેંગે.
કાલી નાગ તે ડસાઓ, ચાહે ભૂમિમે ગડાઓ,
અથવા સૂલીપે ચઢાઓ, પર પથ નહિ છોડેંગે.
ભલત પ્રણવ હમ, સૈનિક સ્વરાજ્ય કે હૈ
ચિંતામે ભી અખિ હોતે, ટેક નહિ તોડેંગે—

ગોલીસે ના ડરેંગે

આંખોંમેં ખૂન ઔર હાથોંમેં તલવાર હોંગે ।
ફિર ભી હમારે આગે તુમ્હારી કુછ ન ચલેગી ॥
નહીં નહીં અબી ફસેંગે । અબ તો સ્વરાજ્ય લેંગે ॥ ધ ॥
દિલમેં આગ લગી હુઇ હૈ । ઐસા બુઝનેકી નહિ તાકાત ॥
લાઠી ગોલી ખાયેંગે ભરપુર । અબ તો સ્વરાજ્ય લેંગે ॥ ૧ ॥
જેલોંમેં બૈઠે હય ભાઇ । નહીં ચોર નહી ઠાકુ ॥
ઉનકે છુડા છુડા કે । અબ તો સ્વરાજ્ય લેંગે ॥ ૨ ॥
કિતના કરોડ રૂપીયા । પરદેશ જા રહે હય ॥
જિનકે બચ્ચા બચા કે । અબ તો સ્વરાજ્ય લેંગે ॥ ૩ ॥
ઔરત ભી નહીં દેખે । બચ્ચા ભી નહીં જાનેં ॥
સૈતાન ઐસા બના હય । અબ તો સ્વરાજ્ય લેંગે ॥ ૪ ॥
ગાંધીજી કે ટોપીકા । ડરતે હય દેખને સે ॥
ગોલીસે ના ડરેંગે । અબ તો સ્વરાજ્ય લેંગે ॥ ૫ ॥

સૈતાન કરે ખેલ.

સૈતાન કરે ખેલ કાન્હાં । ગાંધીજીકે બોલ ।
ઝાકે ગાંધીજીકે બોલ ॥ ધ્રુ૦ ॥
લાઠીને જોર ચલાયા । ઔરત પરે માર પડાયા ॥
નહી ભારતકો શાંતિ છુડાયા । દુઃખોનકી બડી ભૂલ ॥ કાન્હા ॥
મુસ્લીમ, પારસી, ખ્રિસ્તન । હાતોંકો હાથ મિલાકર ॥
જેલોમે ડાકે જકડે । જનતકે હેતે બોલ ॥ કાન્હા ॥
ઓરડીનન્સકા પ્રચાર કિયા । કોંગ્રેસકી જડી ઉખડાયા ॥
સરધસપર લાઠી ચલાયા । દેખો ન્યાયદિલ ઈસકા ॥ કાન્હા ॥

સત્યાગ્રહીની શાખ.

હાક વાગી ગાંધીજીની વિશ્વમાં રે,
તોપ બળીયાને કીધા ચકનાત હોકે૦
હાથ હેઠા પડયા સેતાનના રે,
વધી સત્યાગ્રહીની શાખ હોકે૦
કર્યુ સાબીત કોધથી ના હુકે રે,
શુરા સત્યાગ્રહીની જમાત હોકે૦
જીત ડંકો વગાડયો વિશ્વમાં
બોલો ભારતનો જય જયકાર હોકે૦

ધરતી માગે છે ભોગ !

પોરો રે આવ્યો ત્રીજા પાપનો,
ધરતી માગે છે ભોગ !”
ઉંડી રે નીંદરમાં અમે સાંભળ્યું,
ધરતી માગે છે ભોગ !”
સૂતાં રે સ્વપ્નામાં અમે સાંભળ્યું,
ધરતી માગે છે ભોગ !”
પડયા પડયા રે ખંડે ખંડમાં,
ધન ધન વાયારે પવન,
માઝમ રાતનો મારો સાહ્યબો,
આશ્વેમ્બીને ગાદાં વન—ઉંડી રે૦
નીંદરનાં વેરણ થયાં તમે જાગજો !”
બરન્યો સાહેબનો સવાલ,

૧૨

ટકોરા દીધા રે ભેરુ ભડકેશ્વરમાં,
આવિયો કુડિયાંનો કાળ—ઉડી ૨૦

"જાગો રે બળદીયાં બંધુ બેનડી !
આપ્રણાં આવ્યાં છે ટાણાં

'ઉઠો રે ખંખેરી ખોડી બીકને,
મુગતિનાં વાયે રે વાણાં—ઉડી ૨૦

'સમરથનો સુરજ આજે આથમે,
આથમે ભૂપતિના ભાણ;

'બંડ રે પતિઓનાં તખ્તો બળભળે,
આજ એનાં દળમાં ભંગાણ—ઉડી ૨૦

પ્યાલા રે ધુંટયા મે ભરત-પાનના,
આયનો પીવા પ્રેમવાન !

'ધુરે રે લાલચ—ઘેલી આંખડી,
ગરવા બનો મસ્તાન—ઉંડી ૨૦

'દુબળાં રે હતું છે દિવસ કેટલા !
કેટલા દિન રે ધ્રુજાટ !

'મરેલાં જીવવું છે જીવડા ક્યાં લગી,
હાલવું હીનતાની વાટ—ઉંડી ૨૦

'ઉચા ને નીચાં કે ધનવંત નિરધના,
બાપ ! એ તો કૂડના રે ભેદ !

'ભેદની ભીંતુંને આજ મારે ભાંગવી,
ભેદ—ભેદની આખરી ઉમેદ—ઉંડી ૨૦

ઉડી રે નીંદરમાં સાદ સાંભળ્યો,
સાબરો સૂચવે ભેંકાર,

NATIONAL ARCHIVES OF INDIA

ગાઢા રે સ્વપ્નામાં અમે શોચ્યું,
વાદળા ફરે રે ચોમાસ—ઉંડી ૨૦
ગાફિલ થઈને ઓઢ્યા ગોદડાં,
ધર ! ધર ! ધોધમ્ સારી રેન
જાગન્તાં દીઠા રે નેજા ફરકતા,
ઉતર્યા ચતરંગનાં સૈન—ઉંડી ૨૦
સાયબાને ભાળ્યો ઝળહળ ઝુઝતો,
શત્રુ કરે ભાગભાગ,
નોબતુ ગડગડી સત ને ધરમની,
કુડ—કિર કાળે કાજ—ઉંડી ૨૦
ચોરેારે આવ્યો સંત પાપનો,
ધરતી આજે છે ભોગ !
"સૌરાષ્ટ્ર"

આવો આવો વિદેશી ફેરીયા.

આવો આવો વિદેશી ફેરીઅ: રે,
મારા ધર્મનાં ધામ અભડાય રે—આવો૦
બાર ખુલ્લાં મારાં મુલકમાં બારીબિનાદર્શ
મારાં દ્રવ્ય ડેલી બહાર જાય રે—આવો૦
મારાં અર્ધભૂખ્યાં આ ભાડુંત રે,
ભાણે ભોજનીયાં ધુળ થાય રે—આવો૦
મારા ઘોળી પીંથી ધોળાં આંગણાં રે,
મારાં બાલુડાં બળી જાય રે—આવો૦

NATIONAL ARCHIVES OF INDIA

મારાં દુધમલ સોંઘર્યાં મીઠડાં રે,
એની અડિંગ્યુતા અટવાય રે—આવ્યો૦
તારાં ડ્રગ દાદના ડોબ્બાં રે,
મારાં પિત્ત ને શ્વેત દુભાય રે—આવ્યો૦
દેવ સોહે સૂતરને છોગલે રે,
એનાં છોગલીમા છોવાય રે—આવ્યો૦
મારી આંધ્રી પૂણીનાં દિજપીં રે,
મારાં આસનીયાં અચકાય રે—આવ્યો૦
મારાં ભજન પૂજન ભૂલાવતો રે,
મારાં કીર્તનીયાં કચવાય રે—આવ્યો૦
ભભરાવી આંખ્યોમાં ભુક્કી,
ધર્મ કર્મ અર્થ લુંટાય રે—આવ્યો૦
ક્ષેત્રપાળ જાગ્યા આ આદીના રે,
એની આંખ રાતીચોળ થાય રે—આવ્યો૦
જા લાખ્યો કરોડો લુટતો,
હવે હિન્દી નહી હંકાય રે—આવ્યો૦

સતનો સંગ્રામ.

સતનો માંડ્યો છે સંગ્રામ પ્યારી માતૃભૂમિને કાજે
ભાંખા કેસરીયાં આ વાર;—પ્યારી
અમને મળ્યાં શુરા સરદાર, જેણે ઘંટાવી સરહદ,
લડવા થયા અમે તૈયાર,—પ્યારી

NATIONAL ARCHIVES OF INDIA

૨૫

અમને થયું ભારે ભાન, દિલમાં ફેલાયું છે તાન,
કરશું કાયાને કુરબાન, —પ્યારી
સાચો કર્યો અમે પડકાર કહેશે પરદેશી સરદાર;
લડશું સર્વે હારોહાર, —પ્યારી
માથું ને ધડ જુદા થાય, તોપણ ફરશું નહિ લગાર;
સત્યાગ્રહનું છે હથિયાર, —પ્યારી
આખી પ્રજા બની છે એક, શિરને સારી ચીંથી ટેક,
ભારતની સાચી નેક; —પ્યારી

અમારી પ્રતિજ્ઞા.

અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે.
ભલે કાયાના કટકા થાય. અમે૦
ભલે વરસે વરસાદ મહા જુલ્મનો રે.
ભલે થવાનું હોય તે થાય. અમે૦
અમે ગુજરાતનું નામ નહિ બોળશું રે;
ભલે માથું ને ધડ જુદાં થાય. અમે૦
અમે દીધાં કેસરિયાં જેમથી રે.
ભારતની રાખવા લાજ. અમે૦

NATIONAL ARCHIVES OF INDIA

અજબ થઇ આલમ બંધી.

અજબ થઇ આલમ બંધી, સત્યાગ્રહીના યુદ્ધથી,
કંપી રહી સરકાર પણ, સાબરમતીના સંતથી.
જેલમાં પુર્યા સપુત્રો, કાયદાના નામથી,
ક્રાંતદાઓ તુટશે એ, સાબરમતીના સંતથી.
ચેતવી, સરકારને પડકાર આપ્યો આખરી,
દાંડીમાં સરકાર હારી, સાબરમતીના સંતથી.
તુટ્યો નીમકનો કાયદો, સત્તા અને તોપો છતાં,
ભારત બધું જાગી ઉઠયું, સાબરમતીના સંતથી.
સેનાપતિના હૂકમ પાળો, સહુ જનો એ ભાનથી,
તો જીત આખર આપણી છે, સાબરમતીના સંતથી.
પરાધીન થયેલું હિન્દ સૌ, આઝાદ આજે થાય છે;
જુલ્મશાહી તુટશે એ, સાબરમતીના સંતથી.
શસ્ત્રબળ તુટી જશે એ, આત્મબળના તેજથી,
જગત શાન્તિ પામશે, સાબરમતીના સંતથી.

ફરજે મહેલો માંહ્ય, ઘર માંહે કે બાગમાં.
તારી પકડી બાંહ્ય, મોહનદાસે રેંટીઆ—
સ્વદેશીનો અધિકાર, સૌને સરખો આપજે,
આગ્રહનો અભિલાષ, રાખ્યવજે તું રેંટીઆ.
પડતાં આખુંણ હાથ, તાર ભૈકયના તુટશે,
ચાંલી સરખી ચાલ, ધીરજ દેજે રેંટીઆ.

NATIONAL ARCHIVES OF INDIA

નોબત ડંકા.

ડંકો વાગ્યો ને દીલ્હી ધમધ્રમી રે લોલ;
અંગ્રેજોને અંગે લાગી લાલ રાજ—ડંકો૦
માનવ ટોળાં મળીને એકઠાં રે લોલ;
ધારાસણાના અગર ઉપર ધાય રાજ—ડંકો૦
પોલીસ પીશાચપણું દાખવે રે લોલ;
સ્વયંસેવક હોંસે સોટા ખાય રાજ—ડંકો૦
પોલીસ બની ગયા બ્રહ્મવરા રે લોલ;
ઘોલેરામાં ભાન ભુલી ભટકાય રાજ—ડંકો૦
મુઠી મરડીને મોહું છોડવે રે લોલ;
હારે ત્યારે હસવા માંડી જાય રાજ—ડંકો૦
પોલીસ ઉપરી પાષાણ હૃદયનો રે લોલ;
ધાડ પડાવે ધંધુકાની માંહ્ય રાજ—ડંકો૦
અસુર અમલદાર વીરમગામનો રે લોલ;
સઇનીક ભાળી ભુરાંટો થાય રાજ—ડંકો૦
કાંડા કરડીને ચોરત જનના રે લોલ;
હીચકારાની માફક એ હરખાય રાજ—ડંકો૦
દાઢની દુષ્ટ બદી કાઢવા રે લોલ;
શ્રોણિતમાં સઇનીકો ભીંજાય રાજ—ડંકો૦
ગાળો દઈ સઇનીકોને ગર્વથી રે લોલ;
મનમાં માણેકજી પુલાય રાજ—ડંકો૦

NATIONAL ARCHIVES OF INDIA

છોડીને શર્મ સ્ત્રી જાતની રે લોલ;
દીનબાંધ તો ધુંવા પુંવા થાય રાજ—ડંકો૦
જુલ્મીના પુન્ય હવે પરવર્યા રે લોલ;
તુટયો નીતિ ને એનાં ન્યાય રાજ—ડંકો૦
નોબત વાગે છે એનાં નાશની રે લોલ;
ડોલતાં એનાં આસનીયાં દેખાય રાજ—ડંકો૦

વીર પુજન.

કર્મભૂમી પૂજવાને જઇએ હો બ્હેનીઓ.
કર્મભૂમી પૂજવાને જઇએ.—ટેક.
શંખનાદ જોરથી ફૂંકાય છે. ... હો બ્હેનીઓ.
કર્મભૂમી પૂજવાને જઇએ.
જુલ્મતી લગામ સામે ધૈર્યથી ઝઝુમતા,
વીરત્વ એ એકુતને વધાવીએ રે. ... હો બ્હેનીઓ.
સત્ય ટેક પાળવા રણે ચઢી ઉભા રહ્યા,
નીરખીને ત્યાગ ધન્ય થઇએ રે... હો બ્હેનીઓ.
શૌર્ય ને ઉદારતાની ભાવભોળી મુર્તિ શી,
નારીઓને નેહે નમત કરીએ રે... હો બ્હેનીઓ.
લોભ બીક મ્રત્યુને જરીય ના પીછાનતી,
પુણ્યભુમીને સહુ પ્રણમીએ રે... હો બ્હેનીઓ.

NATIONAL ARCHIVES OF INDIA

ગાંધીજીની હાક.

હાક વાગી ગાંધીજીની વિશ્વમાં રે,
તોપ બળીયાને કીધા મ્હાત હાક૦
હાથ હેઠા પડયા સેતાનના રે,
વધી સત્યાગ્રહીની શાખ. હાક૦
કર્યું સાખીત કેાઇથી ના હઠે રે,
શુભ સત્યાગ્રહીની જમાત. હાક૦
જીત ડંકો વગાડયેા વિશ્વમાં રે,
બેાલેા ભારતનેા જય જયકાર. હાક૦

ભારતકા ઉદ્ધાર તકલી.

કાંતેા નરને નાર તકલી
ભારતકા ઉદ્ધાર તકલી

સત્યાગ્રહીનું પ્રથમ પાત્ર એ
રેશમેલું હથિયાર તકલી
કાંતેા નરને નાર તકલી
ભારતકા ઉદ્ધાર તકલી

તારે તારે તાજ ડેાલાવે
થથરાવે સરકાર તકલી
કાંતેા નરને નાર તકલી
ભારતકા ઉદ્ધાર તકલી

NATIONAL ARCHIVES OF INDIA

સ્વતંત્રતાના પાઠ પ્રથમ ભણીએ
મૃત્યુંજયના જાપ તકલી
ક્રાંતિ નરને નાર તકલી
ભારતકા ઉદ્ધાર તકલી
કંગાલોની કિસ્મત દોરી
દીનજનોના પ્રાણ તકલી
ભારતકા ઉદ્ધાર તકલી
ક્રાંતિ નરને નાર તકલી
દેશ વિદેશે દ્રવ્ય બચાવે
પોષ્યા હિન્દ હજાર તકલી
ક્રાંતિ નરને નાર તકલી
ભારતકા ઉદ્ધાર તકલી

કીસનો વધારો.

(ટોપીવાળાનાં ટોળાં–એ રાગ)

કીસનો વધારો નહોતો રે નાખવો
કીસ વધારી ભારે કરી તેં ભુલ રે.
પરદેશી સુખા–કીસને
તું તો એહુને મારયાં ઠોકરે,
અરજ સાથે આજીજી ગઇ ફોકરે–પરદેશી.
એહુ વકર્યા ને પૂરા વીફર્યા,
અમરબંધી તણખલાને તોલરે–પરદેશી.

NATIONAL ARCHIVES OF INDIA

તેં તો માન્યું ક્રોધ જન્મ્યો નથી
તારી સામે યુદ્ધ કરી લડનારરે–પરદેશી.
સામો આવ્યો સુબો ગુજરાતનો,
શાંતિના શસ્ત્રે તારી સામે લડનારરે–પરદેશી.

તેં તો માન્યું વફાદાર નોકરો,
કાવાદાવાથી ભરી દેશે ભંડારરે–પરદેશી.
ઠેલ્યા આવ્યા વફાદાર નોકરો,
હડે હડે થઇ પડ્યા છે ધીટકારરે–પરદેશી.

તેં તો માન્યું દગાને કપટથી,
અભલદારો નોકરોનો તોડશે સંપરે–પરદેશી.
કિલ્લો પાક્કો છે પ્રજા સંપનો,
કાંકરી એની એક ખસે નહિ આજરે–પરદેશી.

તેં તો નેતાને ધાપલીયા કહ્યા,
અભિમાની થઇ સુતા જગાડ્યા સિંહરે–પરદેશી.
તેં તો પરદેશી દેશીને કહ્યા,
પરદેશી તું ભુલ્લી ગયો બધું ભાનરે–પરદેશી.

ડગલે ડગલે તારો અન્યાય છે,
પંચ નીમ્યાની તારે હૈયે નથી હામરે–પરદેશી.
ત્રગણું દેવું થયું છે રે લોકને,
કીસ વધારી દાઝ્યાને દીધા ડામરે–પરદેશી.

તેં તો માન્યું તારી મોહ જાળથી,
ફસાઇ જાશે લોકના થોક થોકરે–પરદેશી.

NATIONAL ARCHIVES OF INDIA

લોકો ભાગ્યા છે છેટા જળથી,
ગુરૂ મળ્યો છે જ્ઞાન તારી છેદનારરે–પરદેશી.

તેં તો માન્યું તારી બંદુકથી,
ચોરી જાશે હિંદના લોકરે–પરદેશી.

લોકો બીતા નથી બંદુકથી,
સંપ શાંતિના એનો છે હથિયારરે–પરદેશી.

તારો ધંધો બ્રહ્મને
હાડકાંમાંળો ભલે પ્રેમ થઇ જાયરે–પરદેશી.

પાપ ધંધો તારો નહિ ચાલશે,
ન્યાયી પ્રેમનો ઇશ્વર તારણહારરે–પરદેશી.

તું તો ભુખ્યો ધરાયો ના કદી,
રાંકડી રૈયત તારો રૂડો ખોરાક રે–પરદેશી.

બહાદુર બની છે રૈયત રાંકડી,
ગુરૂ મળ્યો છે ખુટ્યો તારો ખોરાક રે–પરદેશી.

જૂઠું બોલતું નથી આ સંસારમાં,
સાચની સામે જૂઠના ચુરા થાય રે–પરદેશી.

જુલમી પોતાના જુલમથી મુઆ,
સતી સીતાએ રોળ્યું રાવણ રાજ રે–પરદેશી.

બાજી બાજી બગાડીશ જો હજી,
હિંદમાં તારૂં રોળાશે રાજ રે–પરદેશી.

શુરવીર આવ્યને.

શુરવીર આવ્યને રે હો રણમાં,
ઉત્સાહ ચેતન ભરજ્યે તનમાં—શુરવીર.
ગર્જ ગર્જ કુદજ્યે રે હો કોડ,
અલિદાન દેજ્યે જનતાં જોર—શુરવીર.
કેરજ્યે કેસરીયા રે હો હરખે,
પ્રભુ છે ઉભા ચોતે પડખે—શુરવીર.
કાયર ભાગજ્યે રે હો વનમાં,
ભય ને ત્રાસથી મોતનો ત્રાસમાં—શુરવીર.
અવસર આવ્યો રે હો નરવા,
નિશ્ચય કરજ્યે જીતવા કે મરવા—શુરવીર.
ઝુંડો વાગ્યો રે હો વહાલા,
યુવક ધાજ્યે રણમતવાલા—શુરવીર.

તકલી રાજ.

(રાગ—આલ્યો સૌએ રણમેદાન.)

તકલી તકલી તકલી રાજ,
કેલાવે જેતાની રાજ,
કેલાવે એ ગાંધી પ્રસાદ,
એ જ અમારી તકલી આજ.
હંદને સ્વતંત્ર કરવા કંઈ વીરો સિહરિ પડયા,
તહિ શસ્ત્ર એક હાથમાં તકલી લઈ ફરી રહ્યા.

NATIONAL ARCHIVES OF INDIA

ફરંતી ફરતી ફરતી જ આજ,
ખુંઝાવે સેતાની રાજ,
છોડાવે એ હિન્દુસ્તાનું,
એ જ અમારી તકલી આજ—તકલી.

વર્ષો થયાં પરતંત્રતાની જંજીરો જકડી ગઈ,
એ તોડવા બહાદુર વીરે નહિ પ્રાણની પરવા કરી.

ફરરર ફરરર ફરતી જાય,
હિન્દના દુઃખ હરતી જાય,
વીરની સંગ હસાતી જાય,
એ જ અમારી તકલી આજ—તકલી.

પરદેશી લુંટારા.

પરદેશી લુંટારા ભારતને લુંટી જાય છે,
ભારતને લુંટી જાય છે ભારતને ચુસી ખાય છે—પરદેશી.
ભારતમાં જ્યારથી આવ્યા મનમાની લુંટમા ફાવ્યા,
સુધરેલા લુંટારા—ભારતને.
ખાધુ ઓધુ ભારતમાં અતિભ્રષ્ટ થઇ સ્વારથમાં,
અતલખીયા લુંટારા—ભારતને.
બંધા ભારતના મચડયા કોંઠા દાપીને કચડયા,
જેતાની લુંટારા—ભારતને.
ટુસ્ટી થઇ દ્રષ્ટી કીધી સારી થક્તિ હરી લીધી,
એવચની લુંટારા—ભારતને.

NATIONAL ARCHIVES OF INDIA

હથિયારો દેશના લીધા ગુલામ બનાવી દીધા,
હિચકારા લુંટારા—ભારતને.
કેદી સમ ભારત કીધું ના જંપી ઠરવા દીધું,
મહા નિર્દય લુંટારા—ભારતને.
રસકસ સૌ ચુસી ટળવળતા અનવિણ કીધાં,
નિષ્ઠુર એ લુંટારા—ભારતને.
પાદરી વેષ આવ્યા કરી ધર્મ ભ્રષ્ટ ઠગાવ્યા,
વિધર્મી લુંટારા—ભારતને.
ઢંઢેરા જુહા પીટયા લાલચ દેખાવી લુંટયા,
ધુતારા લુંટારા—ભારતને.
મામુલી મિલકત માટે અણમોલી મિલકત લુંટે,
ઠગસના લુંટારા—ભારતને.
ઢોર મુંગા કાંઇ રેંસ્યા જાણે કસાઇ ઘેરે વેચ્યા,
કસાઇ લુંટારા—ભારતને.
પિંઢારા ચોર ભુલાવ્યા દીન ખેડુતને કુભાવ્યા,
કૃતઘ્ની લુંટારા—ભારતને.
આવ્યો ના લુંટ જરા એ પોકારા ગણશે બધાએ,
ભૂખ્યા લુંટારા—ભારતને.

કના થાવું કે લેવું સ્વરાજ્ય!

જંગ માંડયો મહાત્મા ગાંધીએ શે,
કાજ કરવાને પૂર્ણ સ્વરાજ;

એણે હાકલ પાડી છે દેશમાંહીરે,
થન્યો હિંદી શૂરા તૈયાર;
હિંદુસ્તાનીએ તોડવા રે,
કેરો વહાલી કાયા કુરબાન.
તોપ બંદુકનો ભલા કરે રે,
અહિંસાનું રૂડું હથિયાર;
નિર્દયાની ગુલામની ધૂળ છે રે,
ભરી જાણે સ્વતંત્રતા કાજ;
જેમ ફૂંકે પીતાંગિયા સીમમાં રે,
કુદી પડજો ભારત નરનાર;
આ ચૂંથણાનો જંગ છે આખરી રે,
થવું કે લેવું સ્વરાજ;
ભલે છુટે ગોલિમની ગોળીઓ રે,
ભલે મારે હજારો લાખ;
ભલે સાગરો શિક્ષસી સોમટી રે,
વાપરી લે બ્રિટીશ સરકાર;

ગાંધી ટોપી.

ગાંધી ટોપી ધોળી ધોળી
ધોળી ટોપીનો ઘેર, રૂડો ગાંધીડો.
કપાસ પીંજી ને પોંજી
આનેજી.

NATIONAL ARCHIVES OF INDIA

પુણ્ય કાંતી સુંદર વણાવી
ખાદી ઓઢીશું આજે ગાંધી તોરા.
વિલાયતી કાપડ ભુંએ ભરિ
વાપરવુ એ શોભે નહિ.
ભૂખે મરીને ગુલામ બનીને
જંજીરે જકડાશો નહિ.—ગાંધી તોરા.
મર્દો જેવા મર્દો થઇને
ગુલામી તમને શોભે નહિ.
ગાંધી તોરા રાજમાં
એકુંન કરે છે લહેર રૂડો રાજાશો.—ગાંધી તોરા.

જગત સર્વ ઉદ્ધારક ગાંધી.

મનમોહન બલિહાર ગાંધીજી !
શુર સૈન્ય સરદાર ગાંધીજી !
નૂતન યુગ ઘડનાર ગાંધીજી !
દૈવી તેજ ચમકાર ગાંધીજી !..... મનમોહન
ગુર્જરી કુંજે ગાજે ગાંધી !
નંદન વન વન ગાજે ગાંધી !
શંભુ અને વિષ્ણુ તાજે ગાંધી !
દિલ દિલ સર્વ નવાજે ગાંધી !..... મનમોહન
જગત માત્રનું નૂર ગાંધીજી !
શાંતમૂર્તનું પૂર ગાંધીજી !

NATIONAL ARCHIVES OF INDIA

ભારત બંસી સૂર ગાંધીજી !
દિલ દરીએ ભરપૂર ગાંધીજી !.....મનમોહન

ગાય ગોપ ગોપાલક ગાંધી !
સત્યાગ્રહ સંચાલક ગાંધી !
હિંદ જનોના તારક ગાંધી !
જગત સર્વ ઉદ્ધારક ગાંધી !.....મનમોહન

ખાદી પ્રભુતા તોલ ગાંધીજી !
આભુષણ અનમોલ ગાંધીજી !
કુંજ કુંજ કલ્લોલ ગાંધીજી !
રાષ્ટ્ર ચેતના બોલ ગાંધીજી !.....મનમોહન

સામંતનાં પડઘમ.

ગગને ગાજે રે, ગગને ગાજે
ગુરૂ ગાંધીજીની હાક ગગને ગાજે.

પાષાણને પણ આભે ઉડાડતાં,
મડદાને પણ માટીમાંથી ઉઠાડતાં,
શુરા સામંતના પડઘમ વાજે...ગુરૂ.

જન્મ ભૂમિનું દુઃખ દીપાવવા,
માતૃભુમિનું લુણ શોભાવવા,
માથા મેદાનમાં માંડો આજે...ગુરૂ.

NATIONAL ARCHIVES OF INDIA

જીવતા હોઇએ તો વિદેશી ત્યાગીએ,
વિદેશી છોડીને ખાદી અપનાવીએ,
નહિંતર એકોતેર પેઢી લાજે...ગુરૂ.
સ્વતંત્રતાની ધુની જગાવતો,
યુવતી યુવાનને પડમાં બોલાવતો,
ભારતનો વાવટો અણનમ રાખે...ગુરૂ.
કુમારિકા પણ બાંડ કેસરીયાં,
પીઠી ભર્યા પણ રણે સંચરીયા,
ભારત મૈયાની મુક્તિ કાજે...ગુરૂ.

છેલ્લી પ્રાર્થના.

હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ,
કલેજાં ચીરતી કરૂણાવતી અમ ભય-કથાઓ,
મરેલાનાં રૂધીર ને જીવતાનાં આંસુડાંઓ,
સમર્પણ એ સહુ તારે કદમ પ્યારા પ્રભુ ઓ? (૧)

× × × ×

પ્રભુજી? એમને આ છે અમારૂં યુદ્ધ છેલ્લું,
બતાવો હોય ને કારણ અમારૂં લેશ મેલું.
અમારાં આંસુડાં ને લોહીની ધારે ધુવેલું,
કુવા ભાગી રહ્યું ને સૈન્ય અમ તમર ઉભેલું. (૨)

× × × ×

NATIONAL ARCHIVES OF INDIA

નથી જાણ્યું અમારે વંશ કો આકૃત અમારી છે,
ખબર છે ઝાટકી કે માતની કિલ્લક પડી છે.
જીવે મા આવડી ચો આજ મરવાની ઘડી છે
ફિકર શી ત્યાં લગી તારી અમો પર આંખડી છે? (૩)

× × × ×

જુઓ આ તાત! મુક્યાં ગૂંથ્યાં અંતર અમારાં,
જુઓ હર જખ્મથી ઝરતી હજારો રક્તધારા,
જુઓ છાના જલે અન્યાયના અગ્નિ-ધખારા,
સમર્પણ હો! સમર્પણ હો! તને એ સર્વ પ્યારા? (૪)

× × × ×

ભલે હો રાત કાળી આપ દીવો લૈ ઊભા ને?
ભલે રણ પથારી, આપ છેલ્લાં નીર પાને?
લડન્તાને મહા રણ-બંકરીના ઘોષ ગાને?
મરન્તાને મધુરી બંસરીના સૂર વાને? (૫)

× × × ×

ઘૂરે છે આભ-ઉંચા આપણા આશા મિનારા,
હજારો ભય તણી ભૂતાવળો કરતી હુંકારા,
છતાં વહેશે સમર્પણની અણખુટ ધારા,
ભલે નવ આવડીને જ્યાં સુધી મુક્તિ કિનારા. (૬)

(ક્રમશ:)

NATIONAL ARCHIVES OF INDIA

કોણ છે ?

શસ્ત્રો વિના સંગ્રામપર ચઢનાર એવો કોણ છે ?
કાચા સુતરના તારથી લડનાર એવો કોણ છે ?
શસ્ત્રો નહિ પણ સત્યથી લડવું સદા સંયુક્તમાં,
રણ ધર્મના સુચો નવા ઘડનાર એવો કોણ છે ?
શૂરા સમરમાં મારીને જય મેળવે છે તે ખરૂં,
પણ મરી પોતે કરે જયકાર એવો કોણ છે ?
તાર સુતરનો નથી હથિયાર છે સ્વરાજનું,
દેશને મહામંત્ર સુચવનાર એવો કોણ છે ?
ઉઁ કે અલ્લાહો અકબરમાં નથી કાંઇ ભિન્નતા,
એકતાની ભાવના ભરનાર એવો કોણ છે ?
નવખંડના લોકો નમે છે આજ જેના નામને,
મુખ શબ્દથી સંસાર ડોલાવનાર એવો કોણ છે ?
દેવ પણ નિજ દેવ સમજીને ઉતારે આરતી,
દેવના પણ દેવનો અવતાર એવો કોણ છે ?
આજ સૌ કોઇ કહે છે દેશના "શયદા" અમે,
પણ દેશની નૌકા ઉતારે પાર એવો કોણ છે ?

"શયદા"

નિંદ ત્યાગો ભારતી.

ક્યાં સુધી નિંદ્રા આધીન થઇ
સુઇ રહેશો ભારતી (૨)

NATIONAL ARCHIVES OF INDIA

જાગો જાગો થઇ સવેળા,
નિંદ ત્યાગો ભારતી-(૨)-કયાં.
દેશ આજે છે પરાધીન,
કાળની આંધી ગતી-(૨)-કયાં.
ગાંધી બાપુએ જગાડયા,
જીતશો અહિંસા થકી-(૨)-કયાં.
લઇ ગુલામી આપ મેળે,
માંહોમાંહી લડયા થકી-(૨)-કયાં.
તેથી કરો સૌ સંપ આજે,
છુટવા ગુલામીથી-(૨)-કયાં.

અહિંસાનો પાઠ પઢાવે.

જગત મહીં આજે અહિંસાનો પાઠ પઢાવે હિન્દુસ્તાન,
સત્તાધારી મસ્ત બને ત્યાં, આપે વીર પોતાના પ્રાણ.
સકળ ભુમીપર સત્તાધારી, આજ બની ગયા છે મસ્તાન,
કરે લડાઇઓ મોટી મોટી, દેવાદાર બનીને રાજ.
નમ્ર પ્રજાને દાબી દેવા, જાળ બીછાવે મોટી આજ,
ધંધા, ધાપ્પા હાથ કરીને, જાણે મળીયું મોટું બાજ.
કુસંપ કરીને અંદર લઢતાં, ખોયા એક બીજાનાં માન,
પરાધીનતા એથી આવી, અને લુંટાયા ધનને ધાન.
અંધ શ્રદ્ધામાં દોરાયું જાતું, હતું અરે આ હિંદુસ્થાન,
ગાંધી બાપુએ કાન ઉમેટી, બતલાવ્યું મીઠાનું ભાન.

NATIONAL ARCHIVES OF INDIA

વીરહાક.

વાગે છે રે વાગે છે મારો બાપુની વીરહાક વાગે છે.
વાગે છેરે વાગે છે વીર વલ્લભની વીરહાક વાગે છે.
ડોલે છે રે ડોલે છે ગુલ્મીના રાજપાટ ડોલે છે.
જાલીમના જુલમો ને હાકેમની એદીઓ,
એક્કે તડાકે તૂટે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
અંધારાં ચમકયાં ને ચોધાર ચોસર્યો,
રણનાં રણશીંગડાં વાગે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
મટકાળાનાં પોચાં તે નોકરીનાં ચોચાં,
લોકો ફુટાફટ કે'કે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
સરકારી શાળાનાં ભણતર ભૂલીને,
જંગે જુવાનીઆ ઝુકે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
દૈયરાજ ફીટે ને રામરાજ વ્યાપે,
સતના ડંકા ગાજે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
કાયરતા કાઢીને વીરતા વ્હોરી,
શૂરા સંગ્રામમાં ઝૂઝે છે—મારા બાપુની વીરહાક વાગે છે.

—મહાત્માજીના મનોરથ સિદ્ધ કરો.

વસ્ત્રો વિદેશી પહેરવા બંધ કરો, ખાદી ખરબચડી અંતથી અંગે ધરો—
લોહીના અક્ષર લગાર્યા, ચોમાસીશ કાપડ મહી,
કારીગરોના હાથ કાપ્યા, જુલ્મ બહુ ઝાઝા કરી
એવાં પાપી વસ્ત્રોનો બહિષ્કાર કરો,—વસ્ત્રો.

ઢાટ વાજ્યો દેશનો, ચેસાની બરબાદી કરી,
લક્ષ્મી લુંટાવી હિન્દની, પરદેશીના ખીસા ભરી.
જાગ્યા ત્યાંથી હવે તો સવાર ગણો,—વસ્તો.

રોજી ગરાબોની ગઇ, ઉદ્યોગ ધંધા ખોરવ્યા,
દુખ દુઃખ કેરા ત્રાસથી, બેહાલ બાંધવ થઇ ગયા.
એવા દીનબંધુની હવે વહાર કરો.—વસ્તો.

કાયા કલંકીત ના કરો, ભરકી લાવ્યા એ ચેપથી,
હળાહળ છે ઝેર એમાં, ભયંકર બોરીંગથી.
એવાં વિષારી વસ્ત્રોનો વિનાશ કરો—વસ્તો.

વેપારીઓ વેપાર છોડો, દેશદ્રોહી ના બનો,
એ લોહીના વેપારને, તીલાંજલી તતપર દીયો.
છોડી ગુલામી સાચા સપૂત બનો.—વસ્તો.

તોપ ગોળા બંદુકોથી, અંસરકારક શસ્ત્ર એ,
એમ્બ એરોપ્લેન બાલા, તુચ્છ પણ તલવાર છે.
મહાત્માજીના મનોરથ સિદ્ધ કરો.—વસ્તો.

આ મંત્ર આપુજી તણો, નોકરશાહીને નમાવશે,
ગુમાન ગોરાનું ઉતરશે, બેકાર બ્રીટન થઇ જશે.
ત્રણાય ઝાટકે તેની તીજોરી કરો.—વસ્તો.

આપણું મેલો.

ડંકો વાગ્યો લડવૈયા શરા જાગજો રે,
શરા જાગજો રે. કાયર ભાગજો રે;—ડંકો વાગ્યો.

NATIONAL ARCHIVES OF INDIA

આપું મેલો, સાચવજો સાચી ટેકને રે;
સાચી ટેકને રે (૨)
તોડી પાડો સરકારી જુલમી કાયદા રે;
જુલમી કાયદા રે (૨)—તોડી પાડો૦
ભારતમુક્તિને કાજે કાયા હોમજો રે;
કાયા હોમજો રે (૨)—ભારત૦
ડંકો વાગ્યો ભારતની બ્હેનો જાગજો રે;
બ્હેનો જાગજો રે વિદેશી ત્યાગજો રે—ડંકો વાગ્યો૦

અમે ડરતા નથી.

અમે ડરતા નથી સરકારથી રે,
સદા ભક્તિને ભલા ભગવાન—અમે૦
બીક રાખે મનુષ્યો બાયલા રે,
અમે બહાદુર ને બળવાન—અમે૦
બીક રાખે હરામી માણસ રે,
હાથ પગમાં અમારું તાન—અમે૦
માર ખાશું નહિ અમે ક્રોધનો રે,
નહિ વેઠી લેશું અપમાન—અમે૦
છેતરાશું નહિ અમે કોઇથી રે,
હવે રહ્યું અમ્યું છે જ્ઞાન—અમે૦
બોલ બાપુજીના અમે પાળશું રે,
હવે રહ્યા નથી હેવાન—અમે૦

NATIONAL ARCHIVES OF INDIA

NATIONAL ARCHIVES OF INDIA

૫૬૬

હિંદ યુધ્ધે રમે છે.

(ગરબો.)

હિંદની હાકલ પડી સહુ ઝીલને ભાઇતે બહેન રે,
હિંદ તો યુધ્ધે રમે છે.

પડઘા પડે છે ચારમા ને સપ્તશીંગા ધુંકાય છે,
હિંદ તો યુધ્ધે રમે છે.

ભારત માતના સાચા સપૂત એ હિંદ કરે પડકાર રે,
હિંદ તો યુધ્ધે રમે છે.

જુલ્મી સત્તાને પાને પડીને પામ્યા ઘણા અન્યાય રે,
હિંદ તો યુધ્ધે રમે છે.

ક્રાંતીદાવો મે નિર્દય સીતમથી ડગ્યા નથી તલભાર,
હિંદ તો યુધ્ધે રમે છે.

ગોરા સત્તાના કાળા કાર્યોથી, દુનિયા બની ગઇ દંગ રે,
હિંદ તો યુધ્ધે રમે છે.

નર નારીની સેના બની ને મોખરે ઉભા સરદાર રે,
હિંદ તો યુધ્ધે રમે છે.

સાચા સિધ્ધાંતનો ઝુંડો લઇને રમે છે રણ મોઝાર રે,
હિંદ તો યુધ્ધે રમે છે.

બ્રહ્મ છોડશું તોયે ચલાવશું કહે છે જુલ્મી સેતાન રે.
હિંદ તો યુધ્ધે રમે છે.

ગાંધીજીના શુરા સૈનિકો મરવા થયા તૈયાર રે.
હિંદ તો યુધ્ધે રમે છે.

બંદુકની ગોળીઓ હસીને ઝીલશે, બહાદૂર એ નરનાર રે,
હિંદ જો યુધ્ધે રમે છે.
તલવારોની તાણી પડે ને કંકુના વરસે મેહ રે,
જુલ્મીની સત્તા પડે છે.
સોનલા વરણી ચેહ બળે ને રૂપલા વરણો ધુમ્ર રે,
જુલ્મીની સત્તા બળે છે.

ચરખેકી સુરત.

સૂનો ચરખેકી કિસ્મે ચર્ચા સૌસે ન્યારી હય;
ઉસીકી મોહની સુરત મેરે દીલકો લુભાતી હય—
ઉડા દેતા વહી સરખા, હવાઇ જંગ ગોલોંકો;
ઉન્હી સારેહી દુશ્મનકો વહી તકલી મીટાતી હય—
ઇસી તકલીકે ધુનધુનસે, મશીનો સબ ખતમ હોંગે;
ઇસી ચરખેકી દહેશતસે, વિદેશી લોક ડરતે હય.

તિરંગી ઝંડા.

જીવનકી જ્યોત જગાયા હે, ઇસ તરહ તિરંગી ઝંડેને;
હોના બલિદાન સીખાયા હે, ઇસ તરહ તિરંગી ઝંડેને.
વીરોંકા હર્ષ બઢાયા હે, ઉત્સાહ હૃદયમેં લાયા હે;
હદ તંત્રકો ઝનકાયા હે, ઇસ૦
નૂતન આનંદ દીખાયા હે; સ્વર્ગોપમ દેશ બનાયા હે;
સ્વાતંત્ર્ય માર્ગ દીખાયા હે-ઇસ૦
મદ મત્સર દુર ભગાયા હે, ચિત શાંત સહી લહેરાયા હે;
અભિલક્ષક દીલ દહલાયા હે-ઇસ૦

દગાબાજ.

સરકાર ઓ સરકાર! તુને બહોત દગા દીયા;
આબાદ હિન્દ દેશકું, બરબાદ કર દીયા.—સ૦
પકતાતા ઇસી દેશમે, ધન ધાન્ય બહુત થા;
અબ પાંચ કરોડકો તુને તો ભુખે કર દીયા—સ૦
વ્યાપારીકા વ્યાપાર કો સબ લુંટ તો લીયા,
ઇસી લીયે ગાંધીજીને સ્વરાજ્ય મંત્ર શીખા દીયા.—સ૦

શું બાળક ચાંદો માગે છે?

આવે છે રે આવે છે સ્વરાજ્ય સવારી આવે છે,
જયનાદ ગગનમાં ગાજે છે, સ્વરાજ્ય સવારી આવે છે.
દૂર સ્વપ્ન થકી દૂર કહેવાતું,
થાઓ લાયક ત્યારે જોવાનું;
શું બાળક ચાંદો માગે છે—સ્વરાજ્ય૦
તડ પાડી રાજ્ય અહીં કરાવાતા,
દેશકાબ ખિતાબો ધરવાંતા;
કાઉન્સીલે ફારસ કરવાતા—સ્વરાજ્ય૦
પંજાબ ખિલાફતથી ચેત્યા,
ગાંધીજી અસહકાર ચલ્યા;
બ્રહ્મ લીલા લાલ ચલાવે છે—સ્વરાજ્ય૦
નોકરશાહી હાથ પડ્યા હેઠા,
કોંગ્રેસો વિધવિધ લેટ બેઠા;
કાંઇ નહિ ચાલે જોમ મારે છે—સ્વરાજ્ય૦

NATIONAL ARCHIVES OF INDIA

ARCHIVES OF INDIA
NATIONAL

હરિ લાજ હવે તારે હાથે;
વૃત મોટાં લીધા તુજ સાખે;
બળ દે કહિ ના પાછા હઠીએ—સ્વરાજ્ય૦

ઈનસાનકે વાસ્તે.

અબર નહીં મેરે ગાંધી ભૌલાકી ॥ ધૃ. ॥
અબર નહીં કુચ અબર નહીં. ॥ ૧ ॥

ઈનસાનકે વાસ્તે જીંદગીકા કુરબાન કરદિયા ।
હિંદકે વાસ્તે સબ છુડાકર ફકીર બનગયા ॥
અબ ચુપ રહે બૈઠકે તુમકો જીબરહી નહીં ॥ ૨ ॥

કિતને અહલ્યા બુદ્ધેકા જેલોમેં બૈઠા દિયા ।
ખાનદાને ઔરતપર લાઠી ચલા દીયા ॥
આપ મજા દેખતે રહે તુમકુ શરમ નહીં ॥ ૩ ॥

લઢા ચલા હે પેટકે વાસ્તે ॥ હિંદકા લે ભાઇ હુએ,
સોહેકી અબર ઇત્તરકી જીબર પૈદા કરો ॥
મરનેકા સબકેા સબ હય ॥ જીંદા ભાઇ કેા નહીં ॥ ૪ ॥

સરદારનું રાજ્ય.

હાક પડી વીર નર જાગજોરે,
બની જાહાકર આવાર (૨)
રણનાં રણશીંગડાં વાગીયાં. ટેક

NATIONAL ARCHIVES OF INDIA

૪૬

સાબરમતીથી સૈન્ય નિસર્યુરે,
ધન્યા ગાંધી સરદાર (૨)
ગામડાં જગાવતા ચાલીઆ,
દાંડી ભીહાંને કાજ (૨) રણુનાં૦ ૨
સંગ્રામ સિંહ ! ભલે કંપાવ્યારે,
ભલી ભારત ભોમકાર (૨)
દશે દિશાઓ ડુગમગી
સમજો સાનમાં આ સાર (૨) રણુનાં૦ ૩
મારો નહિ મરતા શીખારે,
એવો ગાંધીજીનો મંત્ર (૨)
ભંડિર ભર્યા તમે જેલને,
તમે થાશો સ્વતંત્ર (૨) રણુનાં૦ ૪
ગુંજે છે વીર બધા જગમાંરે,
ધરી અહિંસાની ઢાલ (૨)
જોખમાં જતાં જો ડરે નહિ,
સુખે દિતા જનમાલ (૨) રણુનાં૦ ૫

'ભારતભુમી ઉજવાળશે' કોણ ?

સાબરમતીનો સંત ગાંધી, મહાત્મા લેખાય છે;
જીવનભરનો મંત્ર સાચો, દેશપ્રેમ દેખાય છે,
યુગલ ફુંકયું, સાબર તટે, યુવાન હિંદી જાગશે.
ધર્મ સાચો વીર સે, ભારતભુમી ઉજવાળશે. (૧)

ધુંટાયે લક્ષ્મો-આક્રંદ આજે અમારા દેશની;
કંગાલ હાલત આજ છે, દુઃખી અમારા દેશની;
બગડી દશા સુધારવા આજે જુવાનો જાગશે
ધન્ય સાચા વીર તે ભારતભુમી ઉજવાળશે. (૨)

રોટી મળે ના, હિંદના કોટી જનોને દુઃખ છે;
નગ્ન હાલતમાં રવડવું, એ શું ઓછું દુઃખ છે?
દુઃખો સહુ એ ટાળવા જે યુદ્ધમાં ઝુકાવશે.
ધન્ય સાચા વીર તે ભારતભુમી ઉજવાળશે. (૩)

જંજીર ગુલામી તોડવા યુવાન જેલરીઆં કરે;
ન્યાય નીતિ, સત્ય પ્રાતર લેશ પણ વીર નવ ડરે,
જુલ્મી કરો દુઃખનાવર્ષા નર-નારીઓ ઝુકાવશે;
ધન્ય સાચા વીર તે ભારતભુમી ઉજવાળશે. (૪)

આઝાદ કરવા હિંદને શુરા ઝુસે સમરાંગણે;
સત્ય નીતિ ન્યાયને સત્યાગ્રહી કેફે ભણે,
ઉપદેશ સાધુ સંતનો, "અહીંસા" સદા જે પાળશે;
ધન્ય સાચા વીર તે ભારતભુમી ઉજવાળશે. (૫)

નિજ ટેક સાચવતા કદી હિંદી શુરા હઠશે નહિ;
આઝાદ કરવાની પ્રતિજ્ઞા પાળતા ડગશે નહિ,
લાઠી ગણી વરમાળને યાહોમ કરી ઝંપલાવશે;
ધન્ય સાચા વીર તે ભારતભુમી ઉજવાળશે. (૬)

આઝાદ મંત્રો ફુંકતા ના જેલની પરવા ધરે;
સાચા શુરા સત્યાગ્રહીને ગોળીઓ પણ શું કરે!
સત્યાગ્રહી રહી શાંત જે નિજ કાર્ય ચાલુ રાખશે;
ધન્ય સાચા વીર તે ભારતભુમી ઉજવાળશે. (૭)

NATIONAL ARCHIVES OF INDIA

× × × ×

દેશસેવાનો મળ્યો અવસર અહા! અણમુલ છે;
પરદેશી કાપડ પ્રહેરવું એ આજ ગંભીર ભુલ છે,
સ્વતંત્ર કરવા દેશને જે વીર નરો હોમાય છે;
કોટી કોટી વંદના એ વીર નરોને ધન્ય છે. (૮)

રાષ્ટ્રરથ કોણ હાંકે ?

ઉઠ ! ઓ મહારથી
દિવ્ય હો સારથી
તુજ વિના રાષ્ટ્રરથ કોણ હાંકે ?

મુક્તિ સંગ્રામનાં
ભીષણ યુદ્ધ આદર્યાં
તુજ વિના મોખરે કોણ થાશે –ઉઠ.

શસ્ત્ર ના ખેલવાં
અસ્ત્ર નાં ઝીલવાં
દિવ્ય અહિંસા તણું શસ્ત્ર સાથે ?–ઉઠ.

તોપ ના ગડગડે
અસી ના રણઝણે
તુજ વિના સત્યાગ્રહી કોણ થાશે ?–ઉઠ.

પ્રલયનાં કારમાં
જીવન સંહારણાં
આલમના દિવ્ય જ્યાં તેજ પ્રગટે.

NATIONAL ARCHIVES OF INDIA

જગત સંગ્રામ છે
તુજ વિના વિજયડંકા તે કોણ વાગશે ?-ઉઠ.

કદી નથી હારવું.

કદી નથી હારવું, હવે નથી હારવું—
ભલે જાનમાલ જાય— કદી૦

કેદ આવે, ફાંસી આવે,
તોપ ને તલવાર આવે.
બોમ્બ ને બન્દુક આવે, તોય નથા હારવું
જીવીને સ્વરાજ લેશું,
મરશું તો મુક્તિને વરશું,
ગુલામી ના વેઠશું—કદી૦

જુઠા સામે સાચ ખેલે
દાનવ સામે દેવ ખેલે
જુગોનો આ સંગ્રામ ખેલો—કદી૦

ઈશ્વરની આશિષ વરસે,
ભલે ના હથિયાર પાસે,
નિશ્ચય હવે જીત થાશે—કદી૦

ચરખા સેં સ્વરાજ્ય લેંગે.

ચરખા ચલા ચલા કે, લેંગે સ્વરાજ લેંગે;
મલમલ જો હૈ વિદેશી, આને કો ગજ મિલેંગી,
ખાદી નહિ ત્યજેંગે—લેંગે૦

બહોત્તેર કરોડ રૂપિયા, પરદેશ જા રહા હૈ;
ઉસકુ બચા બચાકે—લેંગે

ચરખેકી ધાણુધણાટી, ઘણુઘોર યા અટેંગી;
—અંગ્રેજ કો સુનાકે—લેંગે૦

યા હુક્મ હૈ હમારા તન મનસેભી પ્યારા;
મરને નહી ડરેંગે—લેંગે૦

હમ સબ પ્રેરક ફૌજ, પ્રમાન હમારા ગાંધી;
આજ્ઞા ઉસીકી લેંગે—લેંગે૦

તેહત્તીસ કરોડ ફોજ, રણ સાથ જો ચલેંગે;
ગાંધી હુકમ કરેંગે—લેંગે૦

ચરખા હી તોપ અનેંગે, તકલી અને હૈ બરછી;
ગોલેસે સુતકે હમ—લેંગે૦

કટ કટકે મરના શીખલો.

નૌજવાનો દેશકા, કુછ કામ કરના શીખલો;
સ્વાતંત્ર્ય જંગ સંગ્રામમેં, કટ મિટ કે મરના શીખલો.
તુમ સહો સૌ આફતે, હલચલમેં નહો એ આબરૂ;
સરકો અપના મુલ્ક પર કુરબાન કરના શીખલો.

NATIONAL ARCHIVES OF INDIA

દુશ્મનોંકો ભી પ્યાર સીખાતે, પ્રેમસે કહેના ઈધર;
સત્ય કે રસ્તે પે તુમ, નિર્ભય વિચરના શીખલો.
કૌન કહતા હૈ કે ગુલ્કી, કામમેં શામીલ ન હો,
દેશકે ઝન્ડે તલે એકત્ર હોના શીખલો.
જાન કેદી શહીદોંને, દુઃખોંમે વતન પર સેંકડો;
વૈસે હી તુમ મુલ્કકા, ઉદ્ધાર કરના શીખલો.
હૈ ધની ઇસ દેશકે, હિન્દુ મુસલ્માન ભી સભી;
મિત્રવર ભાઇ તુમ ભી, કુછ ઉપકાર કરના શીખલો.

એક લંગોટીવાલા.

ભારતકા શીર તાજ હમારા એક લંગોટીવાલા હૈ,
જ્ઞાન ધ્યાન ઔર શક્તિસે જીને અહિંસક યુદ્ધ નીકાલા હૈ.
એક વખત જીસને યુરોપકો એક શક્તિસે હૈરાન કીયા
વો તાન્બેકા શરિતાજ હમારા એક લંગોટીવાલા હૈ.
યુરપસે જો સુરતમેં વેપારી બનકર આયેથે,
ઉસીકા રંગ દીખાનેવાલા એક લંગોટીવાલા હૈ.
વીર ભગતસીંગ દત્તકાસે ભારતકે જો દુલારે હૈ
ઉસીકે જૈસે નૌકા તારા એક લંગોટીવાલા હૈ.
અબ છોડ વિદેશી વસ્ત્રોકો ખાદીકા અભ્યાસ કરો,
ચરખે ઔર ખાદીકા પ્યારા એક લંગોટીવાલા હૈ.

NATIONAL ARCHIVES OF INDIA

જય સરદાર જય સરદાર!

કોની હાકે મડદાં ઊઠ્યાં,
કાયર કેસરી થઈ તડૂક્યા;
કોની ધાકે કપટી જુદ્ધા,
ચાંડાળોના ગાત્રો છુટ્યાં.
એકુતેનો તારણ હાર,
જય સરદાર જય સરદાર

તોપ બળીને તોપે તપાવ્યો,
મુત્સદ્દીને કલમે કાપ્યો;
જળકમળીને ચુહે ભેદ્યો,
કોણ હશે શૂરો અણભેદ્યો?
એકુતેનો તારણ હાર,
જય સરદાર જય સરદાર

ચન્દ્રમુખીનાં કાળજ કુળાં,
કીધાં કોણે સાચજ શૂરા;
વાહીમાં ઘેઘેલાં પૂરા,
કોણે તગડ્યાં કહેર ગયેરા?
એકુતેનો તારણ હાર,
જય સરદાર જય સરદાર

ભારતની મુક્તિને કાજે,
સિંહ સમો ગુજરાતે ગાજે;

NATIONAL ARCHIVES OF INDIA

તાજ વિનાનો રાજા આજે,
કોણ હશે જન વલ્લભ આજે.
ખેડુતોનો તારણ હાર,
જય સરદાર જય સરદાર.

માટીમાંથી મર્દ બનાવી,
સળગી સત્તાને થંભાવી;
ગુજરાતીને જેલ અપાવી;
આજે જેણે જેલ વસાવી.
ખેડુતોનો તારણ હાર,
જય સરદાર જય સરદાર.

ઉઠો ઉઠો ગયો જોયા,
દેશ તણા બહાદુર થઇ બંદા;
ફગવી દો ગુલામી ફંદા,
ફરકાવો સત્યાગ્રહ ઝંડા.
ખેડુતોનો તારણ હાર,
જય સરદાર જય સરદાર.

રઘુકુલ રીત સદા ચલી આઇ,
પ્રાણ જાય અરૂ વચન ન જાઇ.
નહિ અસત્ય સમ પાતક પુંજા,
ગીરીવર હોઇ કે કોરીક કુંજા.

NATIONAL ARCHIVES OF INDIA

રણવીર રણે ચઢ્યા ! (ગરબો)

ગુલામી બંધન તોડવા,
આજ બાપુએ માંડ્યો જંગરે,
રણવીર રણે ચઢે. ૧

બાપુનાં શસ્ત્રો બાંધશે ભોર,
આઝાદી આવશે ઘોરરે,
રણવીર રણે ચઢેરે. ૨

શસ્ત્રો દૈવી ને દોલાયમાં
તેનું સત્ય-અહિંસા નાભરે,
રણવીર રણે ચઢેરે. ૩

બે બે સૈકા થયાં માઠી રૂડે,
તેનો સર્યો બાપુએ સાદરે,
રણવીર રણે ચઢેરે. ૪

માઠીનો સાદ સુણી ત્યાગી ગયો,
મોટો સંત મળ્યો સેનાનીરે,
રણવીર રણે ચઢેરે. ૫

કંસ રાવણ સમા રાજવી,
તેને હંફાવે મોહનગરાજરે,
રણવીર રણે ચઢેરે. ૬

બ્રિટિશ રાજનો બાપુથી ભાર્યો,
આજે ઝુંડાઝુંડી લાડીશ રાજરે,
× રણવીર રણે ચઢેરે. ૭

NATIONAL ARCHIVES OF INDIA

NATIONAL ARCHIVES OF INDIA

આંસે પચ્યું ને લોહીએ ચૂસ્યું,
હવે લાઠીથી ભાંગે છે હાડરે,
રણવીર રણે ચઢોરે.
ગુંડા લાઠી ને ગોળી સંગમેરે,
આવશે પૂણ સ્વરાજરે,
રણવીર રણે ચઢોરે. ૯
રમણ સાથે કંઇક રણે રમણીઓ,
રોળાવવા તૈયાર રે,
રણવીર રણે ચઢોરે. ૧૦
દોરૂ-કાપડનો પેંરો ભરે એ,
ધન્ય ધન્ય રમણી આજરે,
રણવીર રણે ચઢોરે. ૧૧
રમણી રણમાં લાડી અમ,
ધીરૂ પુરુષ નાં પાછો હઠે,
રણવીર રણે ચઢોરે. ૧૨
યુવક યુવતીની આજ ચાલે હરિફાઇ,
ભારત રણ મોઝારરે,
રણવીર રણે ચઢોરે. ૧૩
અબળા હતી તે તો સબળા બની,
તેણે શોભાવ્યું "શક્તિ" નામરે,
રણવીર રણે ચઢોરે. ૧૪
કોંયદાથી વાંરસાના કોયદા બેગવતા,
આજ સૂતા તાણી કેમ સેહરે,
રણવીર રણે ચઢોરે. ૧૫

જેલ તો જેલ ગણાય ગાંધી યુગમાં,
જેલ તો છે બધીખાનુરે,
રણવીર રણે ચઢોરે. ૧

શસ્ત્રહીન કરી ભલે બળહીન કર્યા,
ધરો આત્મબળ એક હથિયારરે,
રણવીર રણે ચઢોરે. ૧૭

શસ્ત્રબળ એ તો શયતાનનું ને,
આત્મબળ દૈવી હથિયારરે,
રણવીર રણે ચઢોરે. ૧૮

એ આત્મબળના બળે કરીને,
ભસ્મીભૂત થાશે આ રાજરે,
રણવીર રણે ચઢોરે. ૧૯

મોટો ઝવેરી મહાત્મા
જેણે પારખ્યા-જવાહીર-કાઢીઆ,
રણવીર રણે ચઢોરે. ૨૦

મોતી-જવાહિર, જવાહિર-મોતી,
એવા રાષ્ટ્રપતિ કમ ચાલીઆ,
રણવીર રણે ચઢોરે. ૨૧

અમર તપો એ પિતા-પુત્રની જોડી,
જેણે દિપાવી ભારત કુખરે,
રણવીર રણે ચઢોરે. ૨૨

મોહન પહેલાંનો મદનમોહન ભાલચીયા,
જુઓ કવિ ગાવી તેણે કાજરે,
રણવીર રણે ચઢોરે. ૨૩

NATIONAL ARCHIVES OF INDIA

અમર રહો વલ્લભ-વિઠ્ઠલની જોડી
સદા ગુજરાત ભોગારરે,
રણુવીર રણે ચઢોરે. ૨૪

અંતરિક્ષમાંથી દાદાને ગોખથી,
તિલક લાલા દાસરે,
રણુવીર રણે ચઢોરે. ૨૫

પંચાનનેથી ધન્ય ધન્ય ઉચ્ચારતા,
કહે છે ગાંડી નહિ પણ ગરવીરે,
રણુવીર રણે ચઢોરે. ૨૬

ગાંડી ગુજરાતને તેં ગરવી બનાવી,
ધન્ય મહાત્મા મોહનદાસરે,
રણુવીર રણે ચઢોરે. ૨૭

ગરવી ગુજરાત ગાંધી ઘેલી બની
જગે શોભાવો નીતિ યુદ્ધરે
રણુવીર રણે ચઢોરે. ૨૮

પૂર્ણ સ્વરાજ્ય વિણ પાછો ના હઠશે
મહાર્થી એ મહાત્મા વીરરે
રણુવીર રણે ચઢોરે. ૨૯

એ વીરનાં પગલે પગલાં મળ્યાં ત્યારે
જગત થશે દીપમાળરે
રણુવીર રણે ચઢોરે. ૩૦

"ધ-કીલ્લા"ય ઝી-દા'આદ" ની રણુલડાઈ એવી
એવો ઘણું જીવો મહાત્મા ગાંધીરે
રણુવીર રણે ચઢોરે. ૩૧

કૃષ્ણરાય પંડ્યા

NATIONAL ARCHIVES OF INDIA

રોપીવાળાને શીદ મોકલ્યો.

રઘુવીર રોપીવાળાને શીદ મોકલ્યો;
હાંરે તારા રજપુત થાપ્યા ભાગી ગયા,
હાંરે એનાં ખાંડા તણાતાં જાયરે–રઘુવીર.
હાંરે તારા વાણીયા વેપારી ભાગી ગયા,
હાંરે એનાં ત્રાજવાં તણાતાં જાયરે–રઘુવીર.
હાંરે ઢેકુ વણકરીયા ભાગી ગયા,
હાંરે એની સાળો તણાતી જાયરે–રઘુવીર.
હાંરે તારો કણબી ધાંધેરો ભાગી ગયો,
હાંરે એની ધુંસરી તણાતી જાયરે–રઘુવીર.
તારા બ્રાહ્મણ નેશીડા ભાગી ગયા,
હાંરે એનાં દીજણાં તણાતાં જાયરે–રઘુવીર.

યુવકો ઝુકાવને.

યુવકો ઝુકાવને રે, ભારત આઝાદી જંગમાં૦
લાજે યુવાની ઘરમાં ભરાયે,
આવી ઝુકાવો જંગમાં—યુવકો૦
લાજે જુવાની કાયર બન્યોથી,
જેલો ખરા સંગ્રામમાં—યુવકો૦
દીયે જુવાની આયું મેલ્યાંથી,
અરથી થાયો રણરંગમાં—યુવકો૦
કરી કેસરીયાં બાંધીને મોરચા,
ભારત આઝાદી જંગમાં—યુવકો૦

NATIONAL ARCHIVES OF INDIA

ઓલો બાપુજીકી જય
વીર વલ્લભકી જય
ઓલો ભારત ભૈયાકી જય જય જય

રઘુપતી રાઘવ સીતારામ
પતીત પાવન સીતારામ
વનવટી જીવન ચમ નામ
સુંદર માધવ મેત્ર શ્યામ—રઘુપતિ.
ધરાસણાનું પવિત્ર ધામ,
ધાડ પાડવા ચાલો તમામ—રઘુપતિ.
ધરાસણા એ તીર્થ ધામ,
શહિદ થાવા ચાલો તમામ—રઘુપતિ.
વિદેશી વસ્ત્રોનાં દઈ દામ,
લુટાવી દો છો હિન્દ તમામ—રઘુપતિ.
સાહેબ અહો એ આ સંગ્રામ,
અહિંસકાર કરો બીજી હામ—રઘુપતિ.
મહાત્મા ગાંધીનું પવિત્ર નામ,
સત્ય, અહિંસા મુખોદ્ગત મામ—રઘુપતિ.
જય બોલે, નહિ થાશે કામ,
સૈનીક થઇ બોલાવો નામ—રઘુપતિ.

હરીરાય પંડ્યા.

NATIONAL ARCHIVES OF INDIA

૬૧

ઉઠો ઉઠો ભારત વીર.

(મેરે મૌલા યુલાલે અદીને મુજ્ટેક્ચ્યે રાગ.)

વીરો હિંદ ભાલાના ઓ બાળા તમે (૨)
કરો શીઘ્ર વિચાર હિંદ દેશનો તમે (૨) વીરો૦

સાખી.

હિંદમાં દુશ્મન પ્રબળ થઇ જુલ્મ જે સમયે થતો
જે સમે શિવરાજની સમશેરથી અરિ ધ્રુજતો
થાને ભૂલ્યાં જો હિંદનો પ્રતાપ તમે (૨) વીરો૦

સાખી.

શીર નમ્યું નહી શત્રુને કદી ટેક વીર પ્રતાપની
દેશ કાજે કોઇની પરવા કરી નહી આણની
વીરો યાદ કરો એ પ્રતાપ તમે (૨) વીરો૦

સાખી.

શત્રુ સાથે બાથ ભીડી વીર દુર્ગાદાસની
વિક્રમાં વ્યાપી રહી કીર્તિ ગુરૂ ગોવિંદની
કરો કંઇ કંઇ વિચારો યુવાનો તમે (૨) વીરો૦

સાખી.

કર્મમાં અધિકાર સાખી ફળ અપેક્ષા ના કરો
પ્રાપ્ત થાશે નિશ્ચયે યશ કીર્તિ સત્વર આદરો
ઉઠો ઓ ભારત વીર તમે (૨) વીરો૦

NATIONAL ARCHIVES OF INDIA

ભાગ્ય વિધાતા

ભારતના એ ભાગ્ય વિધાતા,
હિંદી જનના દેવ મનાતા;
સ્વતંત્રતાના પ્રાણ ગણાતા,
જુગ જુગ જીવો ભાગ્ય વિધાતા. ૧

ભારતના ભડવીર ગણાતા
દિન તણું હિત હૈયે ધરતા;
શબ્દે શબ્દે સ્નેહ ઝરતાં,
જુગ જુગ જીવો ભાગ્ય વિધાતા. ૨

સત્ય તણા એ અવિચળ સાથી,
અહિંસાના જીવન સંગાથી;
ડગલે ડગલે ધરા ધ્રુજવતા,
જુગ જુગ જીવો ભાગ્ય વિધાતા. ૩

ભારતના એ થાપુ મનાતા,
આઝાદીનાં મરવા મથતા;
ગૌરવ વન્તા દેવ ગણાતા,
જુગ જુગ જીવો ભાગ્ય વિધાતા. ૪

જેને જશ બહુવન્તા,
ભારત નૌકા હસ્તે ધરતા;
સ્વરાજ્યને સર કરવા મથતા,
જુગ જુગ જીવો ભાગ્ય વિધાતા. ૫

ઝવેરચંદ મેઘાણી.

NATIONAL ARCHIVES OF INDIA

વીર જવાહર.

ભારતકા ડંકા આલમમેં, બજવાયા વીર જવાહરને;
સ્વાધીન બનો સ્વાધીન બનો, સમઝાયા વીર જવાહરને.
વહ લાલ નહેરૂ મોતીલાલકા હૈ, હૈ લાલ દુલારા ભારતકા;
સોતે ભારતકો હઠ કરકે, જગવાયા વીર જવાહરને
અંગ્રેજોકી મૃગતૃષ્ણા મેં, ભુલે થે ભારતવાસી સબ;
પુરી આઝાદી કા મંત્ર, સીખલાયા વીર જવાહરને.
ઘોંટી હૈ રાજનીતી ઉસને, છાની હૈ ખાખ વિદેશીકા;
સમતા સ્વતંત્રકા માર્ગ, દીખલાયા વીર જવાહરને.
પૂજપતી જમીનદાર કરતે હૈ, જુલ્મ મજૂર કિસાનો પર;
અન સાથી દોનોંકો ધીરજ, ધરવાયા વીર જવાહરને.
કઇ રોશન આગ જલતી હૈ, આઝાદીકી ઉસકે દીલમેં;
જીસસે યુવકોંકા મહા દીલ, ચમકાયા વીર જવાહરને.
આદર્શ ચરીતસે વહ અપને, યુવકોંકા હૈ સમ્રાટ બના;
આઝાદીકા ઉંચા ઝંડા, ફરકાયા વીર જવાહરને.
બીજલી હૈ વાણીમે ઉસકી, જાદુ હૈ આંખો મે ઉસકી;
દેખા જીસકો એક પલભરમે, અપનાયા વીર જવાહરને.

કફનકો બાંધકર સરસે, કરો કલ્યાણ ભારતકા;
કરો બલીદાન લાખોંકા, રહે અરમાન ભારતકા.
તનોજે સાથ દુશ્મનકા, તભી ઉત્થાન ભારતકા,
ગુલામી છોડદો મીલકર, કરો સન્માન ભારતકા.

× × ×

NATIONAL ARCHIVES OF INDIA

પદ્ય

ગોરા ગોરા વાણીયા.

આવી પડયું ધાડું ઓ ગોરા ગોરા વાણીયા,
આવી બન્યું તારૂં ઓ ગોરા ગોરા વાણીયા,
પારકાની ચીજ ઉપર [illegible] રાખીએ;
પોતાનું સંભાળીએ ઓ ગોરા ગોરા વાણીયા,
ગાય મટી હિન્દ હવે સિંહ બન્યું તે જાણજો;
ત્રાડ પાડી ચીરશે ઓ ગોરા ગોરા વાણીયા,
આજસુધી આંધા તેં તાબા તાબ્બા લીધું;
હવે પડશે ઝાડું ઓ ગોરા ગોરા વાણીયા,
તારી પાસે હોય ના દોકીમાં બે રૂપાળે;
રૂંવાડામાં દઉં ઝાડું, ઓ ગોરા ગોરા વાણીયા.

નહિ ચલની

નહિ ચલની, નહિ ચલની સરકાર જાલિમ નહિ ચલની,
મુસલમાન કા અચ્છા ખોયા, મુસલીમાનકા મજા ખોયા,
સિખ્ખોં કા દરબાર-[illegible]
જલિયાંવાલા બાગ કે અંદર, નિહત્થો પર ગોળી ચલાઈ,
મારે કૈક હજાર—જાલિમ.

જવાહીર કે પીંજર પાયા, વલ્લભભાઇ કે પીંજર પાયા,
ગાંધીજી કે પીંજરે પક્ષી, સેન ભોઝ કી પીંજર પાયા;
અંસી હૈ બદકાર—જાલિમ૦

'આઝાદાની તમન્ના'

યે શિરફરોશોંકે તો હૈ બચ્ચે, પર આઝાદીકી ધરી આવે;
યે જાનકુરબા હોંગે, પર આઝાદી ધરી આવે. ૧
યે આંખે કદમ ઉઠાયા, ઔર અપના નહિ હટનેવાલે;
યે યકીન અપને પાયા, ઔરોંકી નહિ રુકનેવાલે. ૨
યે નવજવાનોંકી સેના, અપ નહિ હારનેવાલી;
યે નવજીવનોંકી સેના, અપ નહિ હારનેવાલી. ૩
હમ ખૂની જીગર કે પ્યાલે, દુશ્મન કો પિલાનેવાલે;
હમ નહિ હૈ બુઝદિલ આદમ, હમ કહા સો કરનેવાલે. ૪
અપ ગરદન ઉંચે, ઉનકી ગુલમો સે ઝુકનેવાલી;
અપ સિતમ કે કરનેવાલે, ચલ બંદુક જલદી ઉઠા લે. ૫
હમ ખડે હૈ સીનાસીપર, ગોલી ચલાનેવાલે;
ચલ જાતા હૈ તાકતવર, અપ નહિ હટનેવાલે. ૬
હમ ખૂની જીગર કે પ્યાલે, દુશ્મન કો પિલાનેવાલે;
અપકો મરને કા ડર નહિ, અપ નહિ લડાઇ મરનેવાલી;
અપકો મરને કા ડર નહિ, અપ તો હૈ મુક્તિકાલી;
અપકો મરને કા ડર નહિ, અપ નહિ ગુલામ કી ગુલામી;
અપકો મરને કા ડર નહિ, અપ તો હૈ ભરના કાલ્યલ અપના સાજ સજાતે;
ચલ જાતા હૈ તાકતવર તેરી, અપ હમ નહિ થકનેવાલે. ૮

૦ઇકબાલ—જાલિમ૦

મોતીનાં મંગાશ.

તારા વાગે નગારાં હવે મોતના રે,
હજી ચેતીલે ઓ સરકાર—તારા૦

તારી સત્તાના ઊખડે મુળીયાં રે,
હજી ચેતીલે ઓ સરકાર—તારા૦

તારી તોપેમાં ઉગશે ઝાડવાં રે,
તારા દારૂની થાશે ખાખ—તારા૦

તારી જેલોથી કોઇ ડરતું નથી રે,
તારી ધમકીના ભાંગ્યા ભુક્કા—તારા૦

તારી ગોળી તો ફૂલ અમે ઝીલશું રે,
અમ માથે છે રામ રખવાળ—તારા૦

તારા પુર્વના પાપ ઘેરા થયાં રે,
તારા પાપે ડુબે તારૂં નાવ—તારા૦

શાપ લાગે છે ત્રીસ કોટી જીવનો રે,
તેનો તાપે ગળે તારાં હાડ—તારા૦

જલીયાંવાળાનાં લોહી ધગી ઉઠશે રે,
અંગે સાકુ જરતીનના શાપ—તારા૦

સ્વર્ગમાંથી ચંદ્રીકા બોલી ઉઠશે રે,
ઉડે શાંતિના ગેબી પોકાર—તારા૦

NATIONAL ARCHIVES OF INDIA

૧. નહિ હઠશો.

નહિ હઠશો, નહિ હઠશો
બહાદુરો પા'છા નહિ હઠશો..
લડશો લડશો સમરાંગણમાં,
છોને દેના થવાય—પા'છા૦
કુરબાની કરતાં નહિ થાકે,
ધૂમે રણમેદાન—પા'છા૦
બુલબુચરીમાં છોને પીસે,
સેતાની સરકાર—પા'છા૦
બુલ્મોથી રોળાયાં બાગબાંધ,
લાખો બૂકસી રાજ—પા'છા૦
રણે ચડેલા સત્યાગ્રહીઓ,
નમાવશે સરકાર—પા'છા૦

૨. કરો સાંધા દીવા સરકારના રે.

કરો સાંધા દીવા સરકારના રે, —ટેક
રાજ્ય પરદેશીઓનું ના ટકે રે
દેશીઓ બને તજે સહકાર:
રાજ્ય પરદેશીએ આ હિંદનું રે,
લૂંટયું નાણું હજારો લાખ:

NATIONAL ARCHIVES OF INDIA

રાજ્ય પરદેશીઓ આ હિંદના રે,
બધા ધંધાનો કીધો નાશ:
રાજ્ય પરદેશીઓ આ હિંદનાં રે,
લૂંટ્યા વરઓ, ઘી, દૂધ ને ધાન:
બડીબડી નોકરીઓ સામને રે,
છોટી છોટીમાં હિંદના બાળ:
દૂધ, માખણ ને મેવો સામને રે,
પૂરું પામે ન હિંદીઓ ધાન:
સાહેબી છે ગોરાને જેલમાં રે,
હિંદીઓ નેટિવ પ્રભુ મનાય:
માટે આવો સરકારી નોકરી રે,
પ્રભુપદ રે વળી ખરી હામ:

આઝાદી કે ખાતીર.

ઉઠો નૌજવાનો જમાને કે ખાતીર,
યે પન્જરત વતનકી બચાને કે ખાતીર:
જરા મુજદીલી અપ તો દીલસે નીકાલો.
ઉઠો સરફેા અપને કટાને કે ખાતીર,
મરના હી હૈ ફીર ચું, મુંહફેા ન મોડો:
બઢો આગે આઝાદી પાને કે ખાતીર.

NATIONAL ARCHIVES OF INDIA

મહ પૈગામ સુનકર ન ચુપ કૈસે રહોગે,
હિંદ મહ સેનકો જનમ દી આતીર;
પના કર કે સ્વાધીન ભારતકો છોડો,
નહિ ચક્કર હૈ યમ કાનેકે આતીર,
અગર આજ કહીં તુમ જો ચૂકે ચૂકે;
રહોગે ન ધીર ફિર પાને કે આતીર.
કરો માતૃભૂમી પે કુર્બાન સબ કુછ,
સકલ જીન્દગાની બનાને કે આતીર; (શીવ.)

અજમાવી લે.

અય સીનમગર આજે તારું,
અસ્ત્ર શસ્ત્ર અજમાવી લે.
અહિંસક હિન્દીઓની ઉપર,
જુલ્મની ચક્કી ચલાવી દે.
સહન કરશું સહુ એ જુલ્મો,
બાપુજીના મંત્ર થકી.
કરશું સૂજનાં કેનાકૂતીયાં,
અસહ્યોગના એ મંત્ર થકી.
જેલ આજે તો મહેલ બની છે,
એ સાચા સંતના સાદ થકી.
લાઠી સહીશું સહુ આજે તો,
એ ભારત વીર ઉપદેશ થકી.

NATIONAL ARCHIVES OF INDIA

ચલાવ હવે તું અંધુક ગોળા,
વધુ ઓડી રહ્યું અંગ્રેજી શાસન.
જુલ્મોના શાસ્ત્રો કર ખુલ્લા,
બંગડી છાતી વીંધીને.
નહિ હઠશું તલભાર હવે લો,
કરશું માતૃભૂમી આઝાદ.
ભલે વરસે વરસાદ ગુલ્મોનો,
રહ્યું સહન સાહેબને કાજ.

→ ચીલપ્રસાદ મ. ૬૨.

જંગ મંડાયો.

યુવકો આજે ચાલો સહુ સાથે,
ગુલ્મીના કાયદાઓ તોડવાને માટે.
બાપુજી પોકારે નાદ, એ ગામમાં ગુંજાવો આજ,
હસતે મુખે ફાંસી ઝીલવે કરવા હિન્દ આઝાદ.
જવાહીર જેલમાં બાપુજી પરોડાયાં,
વલ્લભ-વિઠ્ઠલ ઝુકે છે આજ આઝાદીના જંગમાં.
રાષ્ટ્રપતિ સુણાવે નાદ બાપુ પંથે ચાલોઃ આજ,
શિશ સૌ સમર્પો આજ મુક્તિના કિનારા કાજ.
વલ્લભ વીર સુણાવે હાક તુટી પડ્યો રણ ઓકાર,
ગરવી ગુજરે ગરજે આજ "પ્રનકીલાલ ઝીંદાબાદ"

NATIONAL ARCHIVES OF INDIA

"દેને કાયા દેશની કાજ મૃત્યુને પરહરને આજ,
જોયો નથી-કોઈ જીવ જેનાર મૃત્યુથી ડરેા શા કાજ?
નહિં જોયું જોવાશે આજ તોપ બંદુક કરશે તારાજ,
હિન્દનો એ તારણહાર એલો તેનો જય જયનાદ."
કમર કસીને ઝુકેા આજ,
મર્દ બનીને ચહાલેા આજ.
ગરજે ગુર્જરી રણક્ષેત્રોમાં "ધનકીલાલ ઝીંદાબાદ."

ધનકીલપ્રસાદ અ. દવે.

તકલી નથી પણ તીર છે.

॥ वन्देमातरम ॥

NATIONAL ARCHIVES OF INDIA

પડકાર—'વન્દે માતરમ્.'

—•—

આર્ય સંતાનો અમે, અમ પ્રાણ વન્દે માતરમ.
તેત્રીસ કોટી હિંદીઓનું, ત્રાણ વન્દે માતરમ.
કુદી પડયા સહુ આજ, જેને કુમત અટકાવવા,
તે હિંદની સ્વાધીનતાનું, વ્હાણ વન્દે માતરમ.
જે જન્મભુમી આપણી, જે માતૃભુમી આપણી,
એ માતૃભુમીનું સદા, જયગાન વન્દે માતરમ.
જે દેશના જળ અન્નનું, લોહી વહે રગરગ વિષે,
તે દેશની આઝાદીનું, હો ધ્યાન વન્દે માતરમ.
લાવી અગર તલવાર હો, બંદુકનો ભલે માર હો,
છાતી ધરી ઉભા અમે, પડકાર વન્દે માતરમ.
દુશ્મન અગર તો દોસ્ત હો, ઝાલીમ અગર જલ્લાદ હો,
કયા જેલ હો કયા ફાંસ હો, લલકાર વન્દે માતરમ.
શસ્ત્રો દમનના સર્વ આ, ક્ષણવારમાં બુઠ્ઠાં થશે,
જ્યાં કાનમાં પડશે અમર, ઝણકાર વન્દે માતરમ.
ફાંસી ચઢાવે યા ઉડાવે, ગરદનો તલવારથી,
પણ શ્વાસ છેલ્લો છુટતાં, પોકાર વન્દે માતરમ.
સાદું સરળ દેખાવમાં, પણ દીલ લાખો કોરતું,
તે હીંદનું એકજ અહિંસા, યંત્ર વન્દે માતરમ.
ચમકી ઉઠે છે ઉધમાંથી, દુશ્મનો જે સાંભળી,
આ કાળજાનું ચીરી જુઓ, તે મંત્ર વન્દે માતરમ.
પીને અને પીવડાવજો, ગુંજાવજો ઘર ઘર વિષે,
ગાજો અને ગવડાવજો, હંમેશ વન્દે માતરમ.

"પુષ્પ."

NATIONAL ARCHIVES OF INDIA

મહાત્મા ગાંધીજીની આરતિ.

જય દેવ, જય દેવ, જય ગાંધી-રાયા, જય ગાંધી રાયા.
આદીના ઉદ્ધારક, દારીદ્ર હરનારા— જય૦

કર કમલે નવ સોહે, મનહર એ ચરખો (૨)
નાદ મધુરા કરતો, દીનનાં દુઃખ હરતો— જય૦
શંકર સમ તુજ શોભે, લોચન ભાલ વિશાલ (૨)
સ્મિત વદનેથી બોલે, "આદી' શબ્દ રસાલ- - જય૦
"અમલ કમલ સમ આદી, દુઃખ હરણી આદી (૨)
રિદ્ધિ સિદ્ધિની દાત્રી, પ્રહરે એ આદી"— જય૦
પ્રેમ, અહિંસા સત્યના મંત્રો ભાખનારા (૨)
શત્રુપર પણ પ્રીતિ, નિશદિન ધરનારા— જય૦
સમદર્શી એ પંડિત! અંત્યજના બેલી (૨)
હિન્દુ મુસલ્મિન ગ્રંથી આપ ઉકલવનારા— જય૦
કલિયુગના એ કલ્કિ, દુખિયાના વિશ્રામ (૨)
આશિષ આગે હિન્દી, કરજોડી સૌ આમ— જય૦
સૂત્રો તવ આચરવા, સ્વરાજ્ય મેળવવા (૨)
શક્તિ દેજો આજે, પ્રેમમૂર્તિ દેવા— જય૦

રામપ્રસાદ મ. દવે.

NATIONAL ARCHIVES OF INDIA